॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

---

**૮ જાન્યુઆરી ૨૦૨૩ – મહિલા મંડળ શ્રેણી – ૨૩ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

**(૨૦)**

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૪)**

૧. માંસાહારનું પરિણામ શું આવે છે?

૨. ખળાએ અને ધ્રીઠાએ એટલે શું?

૩. નિર્ગ્રંથ પ્રવચન કોને કહે છે?

૪. પુરઃકર્મ કોને કહે છે?

**(૨) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ? અશુદ્ધ હોય તે સુધારીને લખો. (૨×૩)**

૧. સમતસ્સ ૨. સંઘટ્ટિયા ૩. સમણુજ્જાણમિ ૪. સવભુએસુ

**(૩) નીચેનામાં મન, વચન કાયાના કયા દોષ લાગે છે?**

૧. ઉપયોગશૂન્ય થઈને બોલવું

૨. સામાયિકમાં ટેકો લઈને બેસવું

૩. યશ–પ્રતિષ્ઠાની ઈચ્છા કરવી

૪. સામાયિક કરી હોય એનું ફળ માંગી લેવું

**(૪) નીચેના શબ્દ કયા પાઠના છે? એ પાઠના નામ લખો.**

૧. બલિ ૨. દુવિહે ૩. પર્યાય ૪. અણુત્તર

**(આ) આવશ્યક સૂત્ર પ્રમાણે.... (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો. (૫)**

૧. ગૃહસ્થની સામાયિકને શું કહેવાય?

૨. પ્રભુ મહાવીરે આત્મા માટે કયા શબ્દોનો પ્રયોગ કર્યો છે?

૩. સામાયિકના લક્ષણોમાં મુખ્ય શું છે?

૪. સાધનાની પૂર્ણતા માટે આવશ્યક સૂત્રમાં શેનું કથન છે?

૫. તસ્સ ભંતેમાં શેની ઝાંખી થાય છે?

૬. તીર્થંકરની સ્તુતિ કરવાથી શેની શુદ્ધિ થાય છે?

૭. સાધકો માટે શ્રેષ્ઠ આલંબન શેનું છે?

૮. તીર્થંકરો કેટલા સમયની સામાયિકનો સ્વીકાર કરે છે?

૯. બીજો આવશ્યક શેનો છે?

૧૦. વિધિ સહિત ૧૨ આવર્તનપૂર્વક ગુરુને કેવા ભાવે વંદન કરવાના છે?

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. સમ્યક્ત્વ સામાયિક કોને કહે છે?
૨. પ્રતિક્રમણ શેની સાધના છે?
૩. વંદના કરવાથી શેનો નાશ થાય છે?
૪. સામાયિક માટે ભગવતી સૂત્રમાં શું કહ્યું છે?
૫. લોગસ્સના પાઠથી તીર્થંકરોનું શું કરવાનું છે?

**(૨૦)**

**પ્ર. ૨ (અ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. રૂચક પ્રદેશ કોને કહે છે? કયા દ્રવ્યોના પ્રદેશો સમાન છે? લોકાકાશનો રૂચક પ્રદેશ ક્યાં છે?
૨. છેલ્લી બે ગતિ અર્થ સહિત લખો.
૩. વિગય કેટલા છે? તેમાંથી મહાવિગય કયા છે?
૪. ગચ્છાધિપતિ કોને કહે છે? કેટલી સંપદાથી યુક્ત હોય છે? સંપદાના ભેદ–પ્રભેદનું વર્ણન કયા સૂત્રમાં છે?
૫. બે, ચાર, છ, આઠ એ ચાર રોગોત્પત્તિના કારણ લખો.

**(આ) સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સુશીલના ૯ બોલમાંથી બીજો અને ચોથો લખો.
૨. વીર્યના ત્રણ ભેદ કયા? પંડિત વીર્યનું સ્વરૂપ લખો.
૩. ધર્મના ભેદ કેટલા? દ્રવ્યધર્મનું સ્વરૂપ સમજાવો.
૪. જન્મ–જરા–મૃત્યુના અનંતા દુઃખો કોણ ભોગવે છે?
૫. ચાર કારણે જીવો દુઃખ ભોગવે છે એનું ત્રીજું કારણ લખો.

**(૨૦)**

**પ્ર. ૩ (અ) ઉપાસક દશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. શ્રમણોપાસકનો શાબ્દિક અર્થ લખો.
૨. ઉપાસક દશાંગ સૂત્રના આધારે તે સમયના પ્રચલિત વ્યવસાયનો બોધ શેનાથી થાય છે?
૩. આનંદ શ્રાવકનો તિર્છી દિશામાં અને મહાશતક શ્રાવકનો ઊર્ધ્વ દિશામાં અવધિજ્ઞાનનો વિષય કેટલો હતો?
૪. ૧૦ શ્રાવકમાંથી કેટલા અને કયા શ્રાવકો ઉપસર્ગમાંથી ચલિત થયા નહોતા? તેમને કોનો ઉપસર્ગ આવ્યો હતો?
૫. સુરાદેવ શ્રાવકની વિશિષ્ટ ઘટના લખો.
૬. સાલિહીપિતા પાસે કેટલી સંપત્તિ હતી? તેઓ વર્તમાને ક્યાં છે?
૭. પાંચમા શ્રાવકનું નામ લખી તેમની પાસે કેટલા ગોકુળ હતા?
૮. ત્રીજા શ્રાવકનું નામ લખી તેમણે કેટલા વ્રત ધારણ કર્યા હતા?
૯. કુંડકૌલિક શ્રાવકે કેટલા વર્ષ ક્યાં રહીને નિવૃત્તિમય ધર્મસાધના કરી હતી?
૧૦. ઉપાસક દશાંગ સૂત્ર કેટલામું છે? અંગ છે કે ઉપાંગ? તે કોના સમાન છે?

**(આ) સુખ વિપાક સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. વિપાક સૂત્ર એટલે શું? તેના કેટલા વિભાગ છે? કયા કયા? તેનો મુખ્ય સિદ્ધાંત શું છે?
૨. પહેલા ૪ અધ્યયન નામ લખી મુખ્ય તત્ત્વ સમાન હોવા છતા શું ફરક છે?
૩. દાન દેવામાં કઈ કઈ શુદ્ધતા હોવી જોઈએ? કેટલા કારણથી હોવી જોઈએ?
૪. ૫ થી ૮ ના નામ લખી તેઓએ આહારદાન કોને આપ્યું હતું?
૫. મહાચંદ્ર કુમાર કેવા હતા? તેમણે દીક્ષા લઈ શું કર્યું? વર્તમાને તેઓ ક્યાં છે?

(૨૦)

**પ્ર. ૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૮)**

૧. સો અરિટ્ઠનેમિ ...... ગચ્છવી
૨. ચઉરંગિણી ...... ફુસે
૩. ભીયા ...... નિસીયઇ
૪. ઉજ્જાણં ...... ચિત્તાહિં

**(૨) નીચેની ગાથાઆનો માત્ર ભાવાર્થ લખો.** **(૬)**

૧. કોહં માણં નિગિણ્હિત્તા, માયં લોભં ચ સવ્વસો । ઈન્દિયાઈ વસે કાઉં, અપ્પાણં ઉવસંહરે ॥
૨. સોઉણ તસ્સ વયણં, બહુ પાણિ વિણાસણં । ચિન્તેઈ સે મહાપન્ને, સાણુક્કોસે જિએહિં ॥
૩. તસ્સ ભજ્જા દુવે આસી, રોહિણી દેવઈ તહા । તાસિં દોણ્હં દુવે પુત્તા, ઈટ્ઠા રામ–કેસવા ॥
૪. અહ સો વિ રાયપુત્તો, સમુદ્દવિજયંગઓ । ભીયં પવેવિયં દટ્ઠું, ઈમં વક્કં ઉદાહરે ॥

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. અરિષ્ટનેમિના લક્ષણ, ગોત્ર અને વર્ણ લખો.
૨. રાજેમતીએ રહનેમિને મરી જવાનું કેમ બહેતર કીધું?
૩. રહનેમિએ કેવી રીતે સંયમધર્મ પાળ્યો?
૪. રાજેમતીને પ્રવ્રજ્યા કેમ શ્રેષ્ઠ લાગી?
૫. અરિષ્ટનેમિને કેવી રીતે વિભૂષિત કર્યા? કયા જળથી સ્નાન કરાવ્યું?
૬. અરિષ્ટનેમિની જન્મ નગરીનું નામ લખી, દીક્ષા કયા નગરના કયા પર્વત પર કયા વનમાં થઈ?

(૨૦)

**પ્ર. ૫ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નના જવાબ લખો.** **(૧૦)**

૧. પાંચ દેવ કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ? તેના દ્વારના નામ લખો. (૩)
૨. પાંચ દેવનો અલ્પ બહુત્વ લખો. (૨)
**૩. માત્ર સંખ્યા લખો.** (૫)

૧) ધર્મદેવના ગુણ ૨) રત્નની ખાણ ૩) દોષ ૪) મહામંત્રી ૫) નરદેવની જ. સ્થિતિ
૬) ધર્મદેવની આગત ૭) મહાવિદેહ ક્ષેત્રમાં ઉ. ચક્રવર્તી ૮) ભાવદેવની આગત
૯) નરદેવની ગત ૧૦) ભવિય દ્રવ્યમાં મનુ.ની ઉ. અવગાહના

**(આ) નીચેના જીવોની માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.)** **(૧૦)**

૧. અધોલોક મિશ્ર દૃષ્ટિમાં
૨. તિર્ચ્છાલોક સમ્યક્દૃષ્ટિમાં
૩. લવણસમુદ્ર ત્રસમાં
૪. સમુચ્ચય નપુંસક વેદમાં
૫. અભાષક મરવાવાળામાં

**જય જિનેન્દ્ર**